For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ભાવનગર મેડિકલ કોલેજના ટ્રોમા સેન્ટરની બહાર જવા દેવાતા

# ભાવનગરમાં 13 જુનિયર તબીબ સાથે 6 મહિના સુધી રેગિંગ થયું



વારંવાર મુર્ગા બનવાની સજા





15 દિવસથી નાહવા જવા નહીં દેવાયા



કલાકો સુધી એક પગે ઊભા રખાતા હતા

**માનસિક**-શારીરિક ત્રાસ આપનાર 6 સિનિયર સસ્પેન્ડ

**જલસા** માટે 2.50 લાખ વસૂલ્યા હોવાના ગંભીર આક્ષેપ

ગાંધીનગર: ભાવનગરની સર ટી. હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં મેડિકલ શિક્ષણ જગતને શર્મસાર કરતી વધુ એક ગંભીર રેગિંગ ઘટનાએ રાજ્યભરમાં ભારે ચકચાર મચાવી છે. ઓર્થોપેડિક વિભાગના બીજા વર્ષના 6 સિનિયર રેસિડન્ટ તબીબોએ પ્રથમ વર્ષના 13 જુનિયર તબીબો પર છ મહિનાથી રેગિંગ કરતાં 6 આરોપી સિનિયર તબીબો કોલેજ તંત્રએ સસ્પેન્ડ કરી દીધા છે. સમગ્ર ઘટનાને રાજ્ય સરકાર દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાત્કાલિક નિષ્પક્ષ તપાસના આદેશ આપ્યા છે.

પીડિત તબીબોની ફરિયાદ મુજબ સિનિયર તબીબો દ્વારા જુનિયરોને

...અનુસંધાન પાના ૯ પર





## એન્ટી રેગિંગ કમિટીની બેઠકનો વિડીયો એક તબીબે ચશ્મામાં સ્પાય કેમેરાથી ઉતારી લીધો

જ્યારે એન્ટી રેગિંગ કમિટીની બેઠક દરમિયાન ઓર્થોપેડિક વિભાગના ડો. પીનાકીન વોરા પર સ્પાય કેમેરા લગાવેલા ચશ્મા પહેરી બેઠકની માહિતી રેકોર્ડ કરવાનો પ્રયાસ કર્યાનો આરોપ લાગ્યો હતો. આ મામલે ડીન દ્વારા તેમની પાસે માફીપત્ર માંગવામાં આવ્યું છે, જ્યારે સરકારી સેવામાં રહી ખાનગી પ્રેક્ટિસ તથા વિભાગમાં ચાલતી રેગિંગથી અજાણ હોવાના મુદ્દે પણ અનેક સવાલો ઊભા થયા છે. રાજકીય અને સામાજિક સંગઠનો પણ આ મુદ્દે સક્રિય બન્યા છે. એનએસયુઆઈએ આરોપી તબીબોને રસ્ટિકેટ કરી પોલીસ ફરિયાદ નોંધવાની માંગ કરી છે, જ્યારે એબીવીપીએ દોષિતોને દાખલારૂપ સજા અને નિર્દોષ વિદ્યાર્થીઓને ન્યાય મળે તેવી રજૂઆત કરી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની ભાવનગર શાખાએ પણ કડક કાનૂની કાર્યવાહી કરીને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માંગણી કરી છે.



# યુદ્ધ વિરામ બાદ ગેસ ભરેલું પહેલું જહાજ દહેજ પહોંચ્યું

**62,370** મેટ્રિક ટન લિક્વિફાઈડ નેચરલ ગેસ ભરેલું ટેન્કર હોર્મુઝમાં ફસાયું હતું

ભરૂચ: મધ્ય પૂર્વમાં વધેલા ભૌગોલિક તણાવ અને અમેરિકા-ઈરાન વચ્ચેની ઉગ્ર પરિસ્થિતિ વચ્ચે પર્શિયન ગલ્ફમાં લગભગ ત્રણ મહિનાથી અટવાયેલું LNG ટેન્કર 'દિશા' આજે ભરૂચ જિલ્લાના દહેજ સ્થિત LNG ટર્મિનલ પર સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. આ ટેન્કર ભારત માટે 62,370 મેટ્રિક ટન લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)નો મહત્ત્વપૂર્ણ કાર્ગો લઈને આવ્યું છે.

મળતી માહિતી 2 માર્ચના રોજ કતારના રાસ લાફાન LNG ટર્મિનલ પરથી ગેસ ભર્યો હતો. જો કે, હોર્મુઝ સ્ટ્રેટ વિસ્તારમાં સર્જાયેલી અસ્થિરતાને કારણે તેને પર્શિયન ગલ્ફમાં લાંબો સમય રાહ જોવી પડી હતી. આખરે 15 જૂનના રોજ ટેન્કરે હોર્મુઝ સ્ટ્રેટને સફળતાપૂર્વક પાર કર્યો અને 19 જૂને દહેજ ટર્મિનલ પર તેનું સુરક્ષિત આગમન થયું હતું.

શિપિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SCI) દ્વારા સંચાલિત અને પેટ્રોનેટ LNG લિમિટેડ માટે ચાર્ટર કરાયેલું આ જહાજ, મધ્ય પૂર્વના તણાવ બાદ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થનારા પ્રથમ ભારતીય LNG કેરિયર્સમાં સ્થાન પામ્યું છે. ઉલ્લેખનીય છે કે દેશનું સૌથી મોટું LNG આયાત કેન્દ્ર દહેજ ટર્મિનલ ભારતના ઊર્જા પુરવઠા માટે વ્યૂહાત્મક મહત્ત્વ ધરાવે છે. વિશ્વના ઊર્જા વેપારની ધમની સમાન હોર્મુઝ સ્ટ્રેટમાં વધેલી અનિશ્ચિતતાએ વૈશ્વિક LNG અને ક્રૂડ ઓઈલના વેપારને અસર કરી હતી. આવી સ્થિતિમાં 'દિશા'નું સુરક્ષિત આગમન ભારતના ગેસ પુરવઠા માટે મોટી રાહત સમાન છે. હવે આ LNG કાર્ગોને ટર્મિનલ પર સંગ્રહિત કરવામાં આવશે. ત્યારબાદ તેનું વિતરણ દેશભરના વિવિધ ઉદ્યોગો, વીજ ઉત્પાદન એકમો અને અન્ય ક્ષેત્રોમાં કરવામાં આવશે, જે ઊર્જા સુરક્ષાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે.

# પાવાગઢમાં વહેલી સવારે ભેખડ ધસી પડતાં બેનાં મોત, 4ને ઈજા

**પાવાગઢમાં** ભારે વરસાદ બાદ પાટિયાપુલ નજીક કાળમુખો પથ્થર કાળ બનીને ત્રાટક્યો

**સમગ્ર** યાત્રાધામમાં અફરાતફરી અને શોકનો માહોલ સર્જાયો, ઈજાગ્રસ્તમાં બે સુરતના



### ઈજાગ્રસ્તો

૧) પૃથ્વીરાજ ભુપેન્દ્રસિંહ ડાભી - ઉંમર ૨૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ
૨) મગનભાઈ રમણભાઈ ડાભી - ઉંમર ૪૮, રહે. જાલભાઈની મુવાડી, અમદાવાદ
૩) જય અશોકભાઈ કુંભાડિયા - ઉંમર ૧૬, રહે. કતારગામ, સુરત
૪) જયેશભાઈ ધનજીભાઈ - ઉંમર ૩૧, રહે. કતારગામ, સુરત

### મૃતકો

૧) પ્રણવસિંહ છત્રસિંહ પરમાર - ઉંમર ૫૨, રહે. લલુપુરા, તા. કઠલાલ, જિ. ખેડા
૨) ગુણવંતસિંહ ભવાનસિંહ પરમાર - ઉંમર ૪૦, રહે. લલુપુરા, તા. કઠલાલ, જિ. ખેડા

હાલોલ: પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અને લાખો ભક્તોની આસ્થાના કેન્દ્ર સમાન પાવાગઢ ડુંગર પરથી આજે વહેલી સવારે એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભરી દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. ગત રાત્રિના સમયે ડુંગર વિસ્તારમાં પડેલા ભારે વરસાદના કારણે આજે વહેલી સવારે આશરે ૫:૦૦ વાગ્યાની આસપાસ માચીથી ડુંગર તરફ જવાના માર્ગ પર પાટિયાપુલ નજીક અચાનક એક વિશાળ ભેખડ ધસી પડી હતી. ડુંગર પરથી મસમોટા ભારેખમ પથ્થરો નીચે પસાર થઈ રહેલા નિર્દોષ યાત્રાળુઓ પર કાળ બનીને ત્રાટક્યા હતા. આ આકસ્મિક અને કાળમુખી ઘટનામાં ૨ શ્રદ્ધાળુઓ પથ્થરો નીચે દબાતાં તેઓના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય ૪ યાત્રાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. વહેલી સવારે બનેલી આ ઘટનાને પગલે સમગ્ર યાત્રાધામ પરિસરમાં ભારે અફરાતફરી, ચીસાચીસ અને ભયનો માહોલ વ્યાપી ગયો હતો.

મુસાફરો પર પથ્થરો પડ્યા હોવાની અને ચીસાચીસની બૂમો સંભળાતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પાવાગઢના સરપંચ, સ્થાનિક પોલીસ પ્રશાસન, ફાયર બ્રિગેડ અને આપત્તિ વ્યવસ્થાપનની બચાવ ટુકડીઓ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ભારે વરસાદી માહોલ વચ્ચે પણ રેસ્ક્યુ ટીમે ભારે જહેમત ઉઠાવીને પથ્થરો નીચે દબાયેલા તમામ યાત્રાળુઓને બહાર કાઢ્યા હતા. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાબડતોબ હાલોલની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે મૃતક યાત્રાળુઓના શબોને કાયદેસરની કાર્યવાહી માટે પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા છે.

પ્રાથમિક વિગતો અનુસાર, આ દુર્ઘટનાનો ભોગ બનેલા તમામ મુસાફરો અમદાવાદ અને સુરત જિલ્લાના વતની હોવાનું સામે આવ્યું છે, જેઓ માતાજીના દર્શનાર્થે આવ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા મુજબ, કુલ ૪ ઈજાગ્રસ્તોમાંથી ૨ લોકોને સામાન્ય ઈજાઓ હોવાથી પ્રાથમિક સારવાર આપીને રજા આપી દેવામાં આવી છે, જ્યારે બાકીના ૨ શ્રદ્ધાળુઓ હાલ હોસ્પિટલમાં જિંદગીની જંગ લડી રહ્યા છે અને સારવાર હેઠળ છે.

# સુરતની 14 વર્ષીય મહિકા રાઠોડ વર્લ્ડ કપ પિકલબોલમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે

**ઓગસ્ટમાં** વિયેતનામ ખાતે યોજનારા પિકલ બોલ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં પસંદગી પામનાર મહિકા રાઠોડ સુરત અને ગુજરાતની પ્રથમ ખેલાડી બની

**14 વર્ષની** વયે 25થી વધુ ટુર્નામેન્ટમાં ભાગ લઈ 40થી વધુ પોડિયમ ફિનિશ, 23 ગોલ્ડ મેડલ સાથે મહિકા વિશ્વસ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરશે



સુરત: સુરત શહેર પિકલ બોલ ખેલાડી મહિકા રાઠોડે વર્લ્ડ કપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની સિદ્ધિ હાંસલ કરીને સુરત તેમજ સમગ્ર દેશનું નામ રોશન કર્યું છે. ઓગસ્ટમાં વિયેતનામ ખાતે યોજનારા પિકલ બોલ વર્લ્ડ કપમાં ભારતીય ટીમમાં પસંદગી પામનાર મહિકા રાઠોડ સુરત અને ગુજરાતની પ્રથમ ખેલાડી બની.

...અનુસંધાન પાના ૯ પર

લોકોનાં માથાં ફૂટ્યાં, આંખમાં ઇજા થઇ

# દાઉદી વ્હોરા સમાજના નિયાઝમાં મારામારીનો વીડિયો વાયરલ

**તન્ઝિમના** ખિદમતગારોએ ભોજન કરવા આવેલા લોકોને માર મારતા લોકો ઉશ્કેરાયા

**વિવાદ** સલાબતપુરા પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો, આગેવાનોએ સમાધાન કરાવ્યું



સુરત : દાઉદી વ્હોરા સમાજ દ્વારા મહોર્રમ માસ નિમિત્તે શેહાબી કોલોની, ચલમવાડ, રૂસ્તમપુરા ખાતે યોજાયેલા ભોજન કાર્યક્રમ દરમિયાન થયેલી મારામારીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમાજમાં ભારે ચર્ચા જાગી છે. ઘટનાને લઈને તન્ઝિમના સંચાલકો સામે લોકોમાં નારાજગી જોવા મળી રહી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

મળતી માહિતી અનુસાર, ભોજન માટે આવેલા એક ગરીબ પરિવારના સાત સભ્યો સ્થળ પર હાજર હતા. તન્ઝિમના સેવકોએ એક જ થાળીમાં આઠ વ્યક્તિઓ પૂર્ણ થાય ત્યાર બાદ જ ભોજન આપવામાં આવશે તેવી શરત રાખી હતી. લાંબા સમય સુધી રાહ જોવાયા છતાં આઠમો વ્યક્તિ ન મળતા પરિવારજનોએ ભોજન લીધા વિના ઘરે પરત જવાનો નિર્ણય કર્યો હતો.

આ દરમિયાન બંને પક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતાં મામલો હાથાપાઈ સુધી પહોંચ્યો હતો. આરોપ છે કે

...અનુસંધાન પાના ૯ પર

યશ છાબડાએ અત્યાર સુધીમાં LSDના 2900થી વધુ બ્લોટ્સ મંગાવ્યા

# સુરતનો યશ છાબડા મોટો ડ્રગ ડીલર છે: ચેન્નાઇ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો

**ચેન્નાઈના** નારકોટિક્સ કંટ્રોલ બ્યુરોએ યશને સુરતની કોર્ટમાં રજૂ કરી તા.22મી સુધીના ટ્રાન્ઝિટ રિમાન્ડ લીધા

**યશની** તપાસમાં ડ્રગ્સના મોટા નેટવર્કનો પર્દાફાશ થશે તેવું ચેન્નાઇ નારકોટિક્સ કંટ્રોલ બ્યુરોનું અનુમાન

સુરત: પોસ્ટ મારફત એલએસડી ડ્રગ મંગાવનાર સુરતનો યશ છાબડા ડ્રગનો મોટો ડિલર હોવાનો પર્દાફાશ થઈ રહ્યો છે. યશ છાબડાએ અત્યાર સુધીમાં 2900 જેટલા LSDના બ્લોટ્સ મંગાવીને વેચી દીધા હોવાનું બરા આવ્યું છે. નાનપુરા પોસ્ટ ઓફિસ પાસેથી નારકોટિક્સ કંટ્રોલ બ્યુરો ચેન્નાઇ ઝોનલ યુનિટની ટીમ દ્વારા ૦.૫૬ ગ્રામ એલએસડી, ૬૯.૬૭ ગ્રામ ગાંજો સાથે પકડવામાં આવેલા નાનપુરા ધન્વંતરી કોમ્પલેક્સના યશ છાબડાને આજે કોર્ટમાં રજૂ કરી તેના તા. ૨૨-૬-૨૬ સુધીના ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

...અનુસંધાન પાના ૯ પર

### એનસીબી પોલીસે શું કબજે કર્યું ?

- લીલા કાપડનું અસ્તર ધરાવતું પરબિડીયું જેમાં એક ઝિપ લોક પાઉચ, જેમાં ૬૯.૬૭ ગ્રામ ગાંજો હોવાની શંકા ધરાવતો લીલાશ પડતો કથ્થઈ રંગનો પદાર્થ
- લીલા કાપડનું અસ્તર ધરાવતું પરબિડીયું જેમાં એક ઝિપ લોક પાઉચ, જેમાં ત્રણ (૦૩) મલ્ટી કલર પેપર બ્લોટ્સ છે જે LSD હોવાની શંકા
- પેકીંગની સામગ્રી, મહિન્દ્રા એકસયુવી ગાડી, એપલ આઈફોન ૧૩ પ્રો, ગેલેક્સી J6 મોબાઈલ ફોન

### અંગત વપરાશ માટે ખરીદ્યું હોવાનું યશ છાબડાનું રટણ

યશ છાબડાએ નેધરલેન્ડથી મીકુ છાવલાના નામે ડ્રગ્સનું એક પાર્સલ બુક કરાવ્યું હતું અને તે નાનપુરા હેડ પોસ્ટ ઓફિસમાંથી પાર્સલ મેળવ્યું હતું. યશ છાબડા પાસેથી

...અનુસંધાન પાના ૯ પર

### ડ્રગ્સના કેસમાં પકડાતાં યશનાં લગ્ન અટકી પડ્યાં

તા. ૧૭મીએ યશ છાબડા એનસીબી ચેન્નાઇ યુનિટની અડફેટે ચઢતાં આ યશનાં આગામી તા ૨૬મીએ લગ્નની તૈયારી ચાલતી હતી જે હાલ અટકી પડી હોવાનું જાણવા મળ્યું છે.

### એનસીબી ચેન્નાઇ યુનિટની ટીમ બે વખત આવી ટ્રેપ ગોઠવી હતી,પણ ફેલ થઈ હતી

ડ્રગ્સ સાથે ઝડપાયેલા યશ છાબડાએ પોલીસની પુછપરછમાં વ્યક્તિગત ઉપયોગ માટે ડ્રગ્સ મંગાવ્યું હોવાનું જણાવ્યું હતું. જો કે એનસીબી પોલીસ આ યશ છાબડાને આ ડ્રગ્સ નેટવર્ક નો મુખ્ય સુત્રધાર હોવાનું માની રહી છે. નેધરલેન્ડથી પાર્સલમાં ડ્રગ્સ અન્યનાં નામે મંગાવી મોબાઈલ ફોન પોતાનો લખાવતો હતો. આ પાર્સલ લેવા પોતે જવાને બદલે બીજાને મોકલતો હતો. નિવેદનમાં યશ છાબડાએ પૈસા કમાવવા માટે ડ્રગ્સની હેરાફેરી તેમજ ગુનાહિત કાવતરામાં પોતાની ભૂમિકા સ્વીકારી હતી. અગાઉ જાન્યુઆરી મહિનામાં નોંધાયેલી ફરિયાદ બાદ મે મહિનાની તા. ૧૨ અને ૧૬એ એનસીબી ચેન્નાઇ યુનિટની ટીમ બે વખત સુરત આવી ટ્રેપ ગોઠવી હતી,પણ ફેલ થઈ હતી.

# સુરતમાં નકલી એરિયલ પાઉડર બનતો હતો

**મોટા** વરાછાના મહાવીર કેમ્પસ અને વિનાયક આર્કેડમાં ચાલતી ફેક્ટરીમાંથી 25.63નો મુદ્દામાલ જપ્ત

**કેશકિંગ** શેમ્પુ પણ બ્રાન્ડેડના નામે વેચતા ત્રણની ધરપકડ

સુરત: ઉત્રાણ પોલીસે ગઈકાલે મોડી સાંજે મોટાવરાછામાં આવેલા એક ગોડાઉન પર દરોડો પાડ્યો હતો. અહીં નકલી એરિયલ વોશિંગ પાઉડર તેમજ કેશકિંગ બનાવવામાં આવતા હતાં. આ સ્થળેથી પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી પેકિંગ મટીરીયલ્સ, બારકોડ સ્ટીકર અને કમ્પ્યુટર સેટ સહિત કુલ રૂ.૨૫,૬૩,૨૫૨નો મુદ્દામાલ જપ્ત

...અનુસંધાન પાના ૯ પર

### સસ્તો પાઉડર અને લોકલ શેમ્પુ ભરી અસલી તરીકે માર્કેટમાં વેચતા હતો

આ ત્રિપુટી બજારમાંથી સસ્તો અને હલકી ગુણવત્તાનો વોશિંગ પાવડર લાવી, તેને એરિયલકંપનીના નકલી પ્રિન્ટેડ બોક્સ અને પ્લાસ્ટિકની ડોલમાં પેક કરી કંપનીના અસલી ભાવ કરતાં ઓછા ભાવે વેચતા હતા. પોલીસે ધી કોપી રાઇટ એક્ટની કલમ અને ધી ટ્રેડમાર્ક એક્ટની કલમ મુજબ ગુનો નોંધી ત્રિપુટીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. આ નકલી પ્રોડક્ટ્સ સુરત શહેર અને ગુજરાતમાં કયા વેપારીઓને સપ્લાય કરવામાં આવતી હતી તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

### કોપીરાઈટના ગુનામાં પકડાયેલા આરોપીઓ

- પકડાયેલા આરોપીઓ મોનિલ સંજયભાઇ ધોળીયા (ઉ.વ.24, રહે., વ્રજભૂમિ સેક્ટર-૨, સીમાડાગામ, મૂળ સુરનગર, તા.ગારીયાધાર, જિ.ભાવનગર)
- સાહિલ રમેશભાઇ વિરાણી (ઉ.વ.23, રહે., નટવરનગર સોસાયટી, સીમાડાનાકા, મૂળ ભાલવાવ, તા.લાઠી, જિ.અમરેલી)
- મેહુલભાઇ સુરેશભાઇ પટેલ (રહે., સ્ટાર ગાર્ડન રેસિડેન્સી, અમરોલી, મુળ દેવાતજ, તા.જિ.ખેડા)


અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

ક્ષત્રિય દુઃખદ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે, અ.સૌ.સ્વ. હંસાબેન મનસુખલાલ ચેવલી નું દુઃખદ અવસાન તા. ૧૯/૦૬/૨૦૨૬ને શુક્રવારના રોજ થયેલ છે.
પરમાત્મા સદ્‌ગતના આત્માને શાંતિ અને સદ્‌ગતિ આપે એવી પ્રાર્થના
સદ્‌ગતનું બેસણું તા. : ૨૦/૦૬/૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે "ઘમણવાલા એ.સી. હોલ" સીંગાપુરીની વાડી, સલાબતપુરા, સુરત મુકામે રાખેલ છે.
સ્વ. હંસાબેન મનસુખલાલ ચેવલી
સ્વ. તા. ૧૯.૦૬.૨૦૨૬
લિ.
મનસુખલાલ નાનાભાઈ ચેવલી (પતિ)
સ્વ. જયસુખલાલ મનસુખલાલ ચેવલી (પુત્ર)
પ્રદીપકુમાર મનસુખલાલ ચેવલી (પુત્ર)
નિરવ જયસુખલાલ ચેવલી (પૌત્ર)
શિવ જયસુખલાલ ચેવલી (પૌત્ર)




સ્વ. શૈલેષ અમરસિંહ રાઠોડ
જ.તા.૨૭/૦૫/૨૦૦૦
સ્વ.તા. ૨૦/૦૬/૨૦૨૫
ફુલ ગયુ ફોરમ રહી
પ્રથમ વાર્ષિક પુણ્યતિથી
જન્મથી દુઃખમાં જીવન સંઘર્ષથી જીવન સાર્થક કર્યું.
લિ.
પપ્પા - અમરસિંહ રાઠોડ
મુ. બગુમરા, તા. પલસાણા
જી. સુરત - ૩૯૪૩૦૫

શ્રી સુરતી મોઢવણિક અવસાન / પાથરણું



સ્વ.હસુમતીબેન મનસુખલાલ ગાંધી
સ્વ.તા.૧૯/૦૬/૨૦૨૬, શુક્રવાર, ઉ.વ.૮૨
અત્યંત દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી હસુમતીબેન મનસુખલાલ ગાંધીનું શુક્રવાર તા.૧૯-૬-૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એવી અંતરથી પ્રાર્થના.
સદ્‌ગતનું પાથરણું
તા.૨૦-૬-૨૦૨૬ના રોજ શનિવાર સવારે ૧૦ થી ૧૧ કલાકે.
સ્થળ: મહારાજા અગ્રસેન ભવન, દ્વારકા હોલ, બીજો માળ, સિટીલાઇટ, સુરત.
સ્વ. મનસુખલાલ વિઠ્ઠલદાસ ગાંધી
કનૈયા મનસુખલાલ ગાંધી (પુત્ર) — રાગિણી કનૈયાભાઇ ગાંધી (પુત્રવધૂ)
કેતન મનસુખલાલ ગાંધી (પુત્ર) — કાક્ષીણી કેતનભાઇ ગાંધી (પુત્રવધૂ)
રાજુ મનસુખલાલ ગાંધી (પુત્ર) — દીપાંજલી રાજુભાઇ ગાંધી (પુત્રવધૂ)
મેહુલ કનૈયાભાઇ ગાંધી — ડિમ્પી મેહુલ ગાંધી
શ્રેયસ કેતનભાઇ ગાંધી — પીંકલ શ્રેયસ ગાંધી
લય રાજુભાઇ ગાંધી — યેશા લય ગાંધી
રૂદ્ર, ધ્રુવ, હર્ષિલ, દ્વિતિ
સરનામું: રવી, ગાંધી બંગલો, પ્રતિષ્ઠા પાર્ક સોસાયટી, સરેલાવાડી, ઘોડદોડ રોડ, સુરત. ગુજરાત

લેઉવા પાટીદાર અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈશ્રી / પિતાશ્રી ઈશ્વરભાઈ છીતુભાઈ પટેલ નું તારીખ ૧૬/૦૬/૨૦૨૬ ને મંગળવારના રોજ (અમેરીકા) મુકામે દેવલોક પામ્યા છે.
પ્રભુ સદ્‌ગતના આત્માને ચિર શાંતિ આપે એ જ પ્રાથના.
સ્વ. ઈશ્વરભાઈ છીતુભાઈ પટેલ
સ્વ. તા: ૧૬/૦૬/૨૬
સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૨૨-૦૬-૨૦૨૬ સોમવારના રોજ સમય સવારે ૧૦ થી ૧૨ અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લૌકિક રિવાજ બંધ છે.
શ્વસુર પક્ષ
સ્વ. ભુલાભાઈ જીવણભાઈ પટેલ
સમીર ભુલાભાઈ પટેલ (USA)
વિપુલ ભુલાભાઈ પટેલ (USA)
મુ.પો. સેજવાડ. તા. બારડોલી જી. સુરત.
લિ.
નટવરભાઈ છીતુભાઈ પટેલ (ભાઈ)
જયંતિભાઈ છીતુભાઈ પટેલ (ભાઈ) (USA)
પિયુષ પટેલ (પુત્ર) (USA)
સ્વ. વિમલ નટવરભાઈ પટેલ (ભત્રીજો)
નિમેષ પટેલ (ભત્રીજો) (USA)
નક્ષ પિયુષ પટેલ (પૌત્ર) (USA)
પ્રિન્સ પિયુષ પટેલ (પૌત્ર) (USA)
પિંકલબેન ધર્મેશભાઈ પટેલ (પુત્રી) USA
નિવાસ સ્થાન: ફ્લેટ B/101, અભિષેક વિભાગ-૧, ભક્તિધામ મંદિર ની સામે, ઈંડિયન ઓઈલ પેટ્રોલ પંપની બાજુમાં, પુણા-પાટિયા.